# જન્મજાત પ્રજ્ઞાચક્ષુ દિકરાને માતાની આંખ પણ ન મળી..!

**ઈન્દ્રોડામાં કરંટ લાગતા મૃત્યુ પામેલી માતાનું નેત્રદાન : દાન લેવાયેલી આંખો સીધી દિકરાને ન આપી શકાય તેવો જવાબ મળ્યો : કોઈ તો નેત્રહિન વ્યક્તિ આ આંખોથી દુનિયાના રંગો જોઈ શકશે તેમ કહી નેત્રદાન કરવા પરિવાર મક્કમ રહ્યું : 'કુછ દેને કે લીયે દિલ બડા હોના ચાહીયે...હૈસિયત નહી...'**





ગાંધીનગર, તા. ૨

'વર્લ્ડ ડીસ એબીલીટી ડે'ના એક દિવસ પહેલા જ ગાંધીનગર શહેરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામમાં બનેલા એક કિસ્સા પર નજર નાંખીએ..! જન્મથી જ અંધ એવા દિકરાને આંખો આપવા માંગતી માતા પોતાના દિકરાને આંખો આપી ન શકી..! માતાનું આજે ઈલેક્ટ્રીક મોટર ચાલુ કરવા જતાં કરંટ લાગવાથી મૃત્યુ થયુ અને પરિવારજનોએ નેત્રદાનનો નિર્ણય લઈ માતાની આંખોથી દિકરો દુનિયા જોવે તેવું સ્વપ્ન જોયું..! પરંતુ 'સિસ્ટમ' અને 'નિયમ' એવા કે માતાની દાન કરાયેલી આંખો સીધી દિકરાને ન આપી શકાય..! જો કે પરીવાર જાણે છે કે જેને આંખો

**આજે વિશ્વ વિકલાંગ દિન**

● અનુસંધાન પાન-૭ પર

# જૂના સચિવાલયના નવા બે બ્લોક માટે નવું પાર્કીંગ બનશે

**સમગ્ર સંકુલની પાર્કીંગ વ્યવસ્થા અપગ્રેડ કરવાની યોજના વિસરાઈ**

ગાંધીનગર, તા. ૨

જૂના સચિવાલયમાં પાર્કીંગ વ્યવસ્થા ખાડે ગઈ છે. પાર્કીંગ વ્યવસ્થા અપગ્રેડ કરવાની યોજના પણ વિસરાઈ ગઈ છે. ત્યારે સચિવાલય સંકુલમાં પાર્કીંગ સેવાનો ભારોભાર અભાવ વર્તાય છે. નવ નિર્મિત બ્લોક પાસે પાર્કીંગ પ્લેસ ઉભું કરવા ટૂંકમાં કામ હાથ ધરવામાં આવનાર છે. પરંતુ ઈકો ફ્રેન્ડલી પાર્કીંગ બનાવવાની યોજના અભેરાઈ ચઢાવી દેવાઈ છે.

જૂના સચિવાલયમાં અનેકવિધ કચેરીઓ ધમધમી રહી છે. જેના પરિણામે રોજબરોજ કર્મચારીઓન ીસાથે મુલાકાતીઓની અવર જવર પણ વિશેષ સંખ્યામાં રહે છે. પરંતુ સચિવાલય સંકુલમાં જરુરી વ્યવસ્થા અપગ્રેડ ન થતા મુલાકાતીઓએ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

સચિવાલય સંકુલમાં પાર્કીંગ વ્યવસ્થા ખાડે ગઈ છે. પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થાના અભાવે રોજબરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે. થોડા સમય અગાઉ જૂના સચિવાલય સંકુલમાં પાર્કીંગ વ્યવસ્થા અપગ્રેડ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ લાંબા સમયના અંતે પણ કોઈ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી નથી. સચિવાલય સંકુલમાં નવા બે બ્લોકનું નિર્માણ કરાયા બાદ આ જગ્યાએ નવા પાર્કીંગ પ્લેસ બનાવવાનું ટૂંકમાં કામ હાથ ધરાશે. નવા બે બ્લોકને અનુલક્ષી પાર્કીંગની સુવિધા ઉભી કરવામાં આવશે. બીજી તરફ સચિવાલય સંકુલમાં ઈકો ફ્રેન્ડલી પાર્કીંગ બનાવવાની યોજના સંદર્ભે પણ તંત્ર કક્ષાએથી આગળનું આયોજન હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# સિવિલમાં સ્વચ્છતા ચકાસવા નાયબ આરોગ્ય નિયામક પહોંચ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં સ્વચ્છતા માટે આજે નાયબ આરોગ્ય નિયામક ડૉ. ધોળકિયા એ ખાસ મુલાકાત લીધી હતી.

તેમણે આજે હોસ્પિટલ સંકુલ અને કોલેજ કેમ્પસ સહિતના વિસ્તારોની મુલાકાત લઈ હોસ્પિટલ સત્તાવાળાઓને કેટલાક મહત્વના પગલાંઓ સૂચવ્યા હતા.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલ અને હોસ્પિટલ કેમ્પસમાં ગંદકીના મુદ્દે તાજેતરમાં આરોગ્ય કમિશનરશ્રીએ વિડીયો કોન્ફરન્સમાં જ અધિકારીઓને કડક સૂચનાઓ આપી હતી. આજે નાયબ આરોગ્ય નિયામક ડૉ. ધોળકિયાએ વિશેષ રાઉન્ડ લીધો હતો.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં હાલ કોલેજ સંકુલ નવી હોસ્પિટલ તેમજ ઓ.પી.ડી. સંકુલના નિર્માણની કામગીરી અંતિમ તબક્કામાં હોઈ ગંદકી ડેબ્રીઝને લઈ ખુબ જમા થઈ ગઈ છે.

સિવીલ હોસ્પિટલ સંકુલમાં સ્વચ્છતાના મુદ્દે હવે તંત્ર આક્રમક અભિયાન હાથ ધરે તેવા નિર્દેશો મળી રહ્યા છે. નાયબ આરોગ્ય નિયામકશ્રીના રાઉન્ડ બાદ તંત્ર એ હવે એજન્સીઓને પણ આ અંગે કડક તાકીદ કરી છે. આ ઉપરાંત હોસ્પિટલ સંકુલ નજીકના શોપિંગ વિસ્તારમાં સ્વચ્છતા માટે જરુરી પગલાં ભરવા યોગ્ય સત્તાધીશોને જણાવવાની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# પાંચ વર્ષમાં ૨.૫૩ લાખ પર્યટકો નગરની મુલાકાતે

**વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓએ ઘણીવાર બસમાં રાતવાસો કરવો પડે છે : રહેવાની યોગ્ય વ્યવસ્થા ગોઠવવા મહામંડળની રજૂઆત**

ગાંધીનગર, તા. ૨

શહેરમાં છેલ્લા પાંચ વર્ષમાં ૨.૫૩ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે. શહેરમાં આવતા વિદેશી પ્રવાસીઓની પણ સંખ્યા વધી છે. જયારે અવાર-નવાર અન્ય જિલ્લાઓમાંથી વિદ્યાર્થીઓ પણ પર્યટનમાં આવતા હોય છે. આવા સંજોગોમાં પ્રવાસીઓ તેમજ ખાસ કરીને વિદ્યાર્થીઓએ ગાંધીનગરની મુલાકાતના અંતે બસમાં તેમજ ખુલ્લામાં રાતવાસો કરવાની ફરજ પડે છે. આવા સંજોગોમાં મુલાકાતીઓને વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરવા શહેર વસાહત મહામંડળે માંગ ઉઠાવી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના જણાવ્યા મુજબ ગુજરાત હવે પ્રવાસીઓ માટે વધુ આકર્ષણ બન્યુ છે. ત્યારે રાજયના પાટનગરમાં પણ પ્રવાસીઓની વિશેષ સંખ્યા જોવા મળે છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સરેરાશ ૨.૫૩ લાખ પ્રવાસીઓએ ગાંધીનગરની મુલાકાત લીધી હોવાનુ માલુમ પડ્યું છે. જયારે પ્રાથમિક અને માધ્યમિક સહીત ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ પણ વિશેષરૂપે શહેરની મુલાકાતે આવે છે. બીજી તરફ શહેરમાં રાતવાસો કરવાનું કામ

● અનુસંધાન પાન-૭ પર





દબાણ મુક્ત ગાંધીનગર - આજકાલ ગાંધીનગરના ખૂણે-ખૂણે દબાણ શોધી-શોધી હટાવાય છે... ઘ-માર્ગ પરના વર્ષો જુના દબાણો હટાવવા મનપા, કલેક્ટર, વન વિભાગ અને પોલીસ તંત્રના સંયુક્ત અભિયાનથી ગેરકાયદેસર દબાણો હટાવાયા હતા... ક્યારેક આકરા લાગતા પરંતુ જરૂરી પગલાં નગરજીવન માટે આવશ્યક પણ છે... વાયબ્રન્ટ પૂર્વે લેવાતા આ પગલા જો બારે માસ આટલી જ ગંભીરતાથી તંત્ર દ્વારા અસરકારક અમલવારી થાય તો જનજીવનને ભારે રાહત અનુભવાય.... (તસવીર : કશ્યપ નિમાવત)

# ચોકકસ ડીઝાઈનની કચરાપેટીનો આગ્રહ રાખી ગલ્લાધારકોને દંડ ફટકારાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં ચાલી રહેલા સ્વચ્છતા અભિયાનમાં સામાન્ય લોકો અને નાના ધંધાર્થીઓ હેરાન થઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. સે-૨૮ના બગીચા પાસે આવેલા લારી-ગલ્લા ધારકોને મનપાએ માત્ર એટલા માટે દંડ ફટકાર્યો હતો કે તેમણે જે કચરાપેટી રાખી હતી તે ચોકકસ ડીઝાઈનની અને ચોકકસ કંપનીની ન હતી. લારી ગલ્લા ધારકો આ અંગે ફરીયાદ કરી રહ્યા છે.

વાયબ્રન્ટ સમિટ પહેલા શહેરને ચોખ્ખુચણાક કરી દેવા પાછળ તંત્ર લાગ્યું છે. દરેક સેકટરોમાં જોરશોરથી સફાઈ અભિયાન હાથ ધરાયું છે. બધે જ સાફસફાઈ ચાલી રહી છે. જો કે આ સફાઈ અભિયાનમાં કેટલાક ગરીબ લારી ગલ્લાવાળાઓ દંડાઈ રહ્યા છે. સે-૨૮ના બગીચાની સામે ઉભા રહેતા લારી ગલ્લાવાળાઓને મનપાએ આજે ૫૦૦ રૂ. જેટલો અધધ દંડ ફટકાર્યો હતો. લારી ગલ્લા ધારકો આ બાબતે રોષે ભરાયા છે. લારી ગલ્લાધારકો કહે છે કે અમે સાફસફાઈ રાખીએ છીએ. કયાંય કચરો કે ગંદકી થવા દેતા નથી. દરરોજ સવારે અને સાંજે અહીં નિયમિત સાફસફાઈ કરવામાં આવે છે. લારી ગલ્લા વાળાઓએ અહીં કચરાટોપલીઓ પણ રાખી છે. જુના ડબ્બા કે પીપડામાંથી બનાવેલી કચરાપેટીઓમાં કચરો નાંખવામાં આવે છે. મનપાની ટીમે અહીં કચરો કે ગંદકી ન હોવા છતાં ચોકકસ ડીઝાઈનની અને ચોકકસ કંપનીની કચરાટોપલી મુકી ન હોવાનું બહાનુ આગળ કરી લારી ગલ્લાધારકોને ૫૦૦ રૂ. જેટલો અધધ કહી શકાય તેવો દંડ ફટકારી દીધો હતો.

**શ્રી બળદેવભાઈ એ. કનીજિયાને**

**૯૦માં વર્ષમાં પ્રવેશતાં**

**જન્મદિનની હાર્દિક શુભેચ્છા**



આપના જ...

ઉપેન્દ્ર બી. કનીજિયા

આરતીબેન ● પાર્થ ● અંકિતા

પ્લોટ નં. ૬૨૩/૨, સેક્ટર-૭/બી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૮૧૪૬

# કોળી સમાજને બોર્ડ-નિગમમાં પ્રતિનિધિત્વ આપવા રજુઆત

**ધારાસભ્ય હિરાભાઈ સોલંકીના નેતૃત્વમાં સરકાર અને સંગઠનમાં પ્રતિનિધિત્વ આપવા મુખ્યમંત્રી સમક્ષ આસરકાર રજૂઆત**

ગાંધીનગર, તા. ૨

સરકારમાં અને મંત્રી મંડળમાં કોળી સમાજને યોગ્ય પ્રતિનિધીત્વ આપવા અંગે આજે મુખ્યમંત્રી સમક્ષ રજુઆત બાદ હિરા સોલંકીનો સૂર બદલાયો હતો અને મુખ્યમંત્રીના પ્રતિભાવથી તેઓ સંતુષ્ટ હોવાનું જણાવ્યું હતું.

સરકાર અને સંગઠનમાં કોળી સમાજને પુરતુ પ્રતિનિધીત્વ નહીં મળ્યું હોવાની લાગણી વ્યકત કરીને ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ રાજ્ય સરકાર અને સંગઠન સામે બાંયો ચઢાવી હતી. થોડા સમય અગાઉ એક સંમેલન બોલાવીને શક્તિ પ્રદર્શન પણ કર્યુ હતું.

આજે ધારાસભ્ય હિરાભાઈ સોલંકી અને કોળી સમાજના આગેવાનો પ્રદેશ ભાજપના મહામંત્રીને મળીને બોર્ડ-નિગમોમાં કોળી સમાજને પ્રતિનિધીત્વ આપવા અંગેની રજુઆત કરી હતી. ત્યાર બાદ તેઓએ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને મળીને પણ રજુઆત કરી હતી.

મુખ્યમંત્રી સામેની મુલાકાત બાદ હિરાભાઈએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે, કોળી સમાજની લાગણી અંગે મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવી છે અને મુખ્યમંત્રીએ જે પ્રતિભાવ આપ્યો છે તેનાથી અમે સંતુષ્ઠ છીએ અને હાલ અમે કોઈ જ કાર્યક્રમો આપવાના નથી.

**જોઈએ છે**

બેંકની નવી શાખા માટે, શાખાની વિકાસલક્ષી કામગીરી કરી શકે તેવા અનુભવી રીટાયર્ડ બેંક ઓફીસર (ઉંમર ૬૫ વર્ષથી ઓછી)ની જરૂર છે. નિમણૂંક કરાર આધારિત રહેશે. લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો સાથે બેંકની હેડ ઓફીસે તા. ૧૦/૧૨/૨૦૧૪ને બુધવારે બપોરે ૩-૦૦ કલાકે રૂબરૂ મળો.

**સ્થળ : ધી ગાંધીનગર અર્બન કો-ઓ. બેંક લિ. અપના બજાર, સેક્ટર-૨૧, ગાંધીગર**

# આજે વિશ્વ વિકલાંગ દિવસ : દિલ હે છોટા સા, છોટી સી આશા...

**વિકસિત દેશોમાં વિકલાંગો માટે સાર્વજનિક સ્થળોએ અલગ રેમ્પ અને એન્ટ્રી-એક્ઝિટમાં અગ્રિમતા : આપણી વિકલાંગો માટેની સરકારી યોજનાઓ માત્ર કાગળ પર જ : વિકલાંગો માટેની સંસ્થાઓના કર્મચારીઓને નજીવા વેતન**

ગાંધીનગર, તા. ૨

સમગ્ર વિશ્વમાં તા. ૩જી ડિસેમ્બર વિશ્વ વિકલાંગ દિવસ તરીકે ઉજવાઈ રહ્યો છે, પરંતુ ભારતમાં હજુ પણ વિકલાંગોને પુરતી સગવડો કે અગ્રિમતા આપવામાં ઘણી કચાશ રાખવામાં આવે છે. દુનિયાના વિકસિત દેશોમાં વિકલાંગોને તમામ સાર્વજનિક સ્થળો પર વિશેષ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. આપણા દેશમાં પણ વિકલાંગો માટે અનેક કાયદા દ્વારા રક્ષણ અને સરકારી નોકરીઓમાં રાહતો અપાયેલી છે. પરંતુ ઘણા નિયમો માત્ર કાગળ પર કે ફાઈલોમાં જ દબાઈને રહી જવા પામ્યા છે.

વિકલાંગતા એ માનવીને ક્યારેક વારસામાં મળી હોય છે તો ક્યારેક નસીબની કઠણાઈના કારણે મળેલી હોય છે. વિકલાંગતાના કારણે વ્યક્તિના માનસ પર નકારાત્મક અસરો પડતી હોય છે. જેના કારણે વ્યક્તિ લઘુતાગ્રંથીનો ભોગ બને છે. જો કે એવુ કહેવાય છે કે કુદરત જ્યારે કોઈ વ્યક્તિ પાસેથી કશુંક છીનવી લે છે ત્યારે તેના બદલે બીજી અન્ય શક્તિ પ્રદાન કરે છે. અનેક વિકલાંગોએ પોતાની વિશેષ આવડત કે શક્તિ દ્વારા 'વિકલાંગતાને જ વિકલાંગ' બનાવી દીધી હોવાના ઉદાહરણો સમાજમાં અનેક મોજુદ છે. આમ છતાં એક સામાન્ય માનવી કરતા વિકલાંગ વ્યક્તિને જીવનમાં રોજબરોજના કાર્યોમાં પડતી મુશ્કેલી ક્યારેક તેમના મનોબળને તોડી નાંખે છે. આ કારણે એક સામાન્ય વ્યક્તિ સાથેની હરિફાઈમાં સક્ષમતાથી ઉભા રહેવા માટે વિકલાંગોને

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર જિલ્લામાં ૩૦ હજારથી વધુ વિકલાંગો

ગાંધીનગર જિલ્લામાં લગભગ ૩૦ હજારથી વધુ નાગરિકો વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવે છે. જેમાં દહેગામ, કલોલ કે માણસા તાલુકામાં વિકલાંગોની સરેરાશ કરતા ગાંધીનગર તાલુકામાં જ આશરે ત્રણ ગણા વિકલાંગો છે. આ વિકલાંગતામાં અંધાપો, અંશતઃ અંધાપો, રક્તપિત્તના કારણે થતી વિકલાંગતા, અસ્થિતંત્રની વિકલાંગતા, બ્હેરા-મુંગાપણુ, માનસિક અસ્થિરતા કે બિમારી અને મલ્ટીપલ ડીસેબીલીટીનો સમાવેશ થાય છે. ગાંધીનગર તાલુકામાં ૧૪૫૭૧ વ્યક્તિઓ વિકલાંગ છે જેમાં ૨૧૯ વ્યક્તિઓ અસ્થિતંત્રની વિકલાંગતા ધરાવે છે.

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ**

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર. ટેલીફોન : ૨૩૨૨૦૫૨૫

**સભાસદો માટે**

મંડળીના સભાસદોને ભેટ વહેંચણી હાલમાં ચાલુ જ છે જે તા. ૨૦/૧૨/૨૦૧૪ને શનિવાર સુધી ચાલુ રહેશે. દરેક સભાસદે શેર સર્ટીફિકેટ લઈને નીચેના સમયમાં ભેટ મેળવી લેવાની રહેશે. ત્યારબાદ ભેટ મળવાપાત્ર રહેશે નહી જેની નોંધ લેવા વિનંતી છે.

**ભેટ મેળવવાનો સમય**

સવારે : ૮-૩૦ થી ૧૨-૦૦ ● સાંજે ૨-૦૦ થી ૫-૩૦

**કુડાસણ ગ્રામ પંચાયત**

**મુ. કુડાસણ, તા.જિ. ગાંધીનગર**

**ટેન્ડર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મોજે કુડાસણ, તા.જી. ગાંધીનગર ગ્રામ પંચાયત હસ્તકની પાણીની જુની ઓવરહેડ ટાંકી ઉતારવા બાબતે તા.વિ. અધિકારી સાહેબ ગાંધીનગરની તા. ૫/૯/૨૦૧૪ના રોજથી મંજુરી મળેલ છે. જે ટાંકી આશરે ૫૦,૦૦૦ લીટર ક્ષમતાની અને ૧૨ મીટર ઉચી છે. આ ટાંકી તદન બીનઉપયોગી હોઈ આ ટાંકી ઉતારી લેવા બાબતે ખર્ચના ભાવપત્રક મંગાવવામાં આવે છે. અને જે ઓછા ભાવ રજૂ કરશે તેને ગ્રામ પંચાયતે નક્કી કરેલ શરતો મુજબ કામ આપવામાં આવશે. જે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૦માં ટાંકી ઉતારવાના ભાવો રજૂ કરવા જાહેર જનતાને જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| **રામદાન એન. ગઢવી** | **કાળાજી પ્રતાપજી ઠાકોર** |
| તલાટી કમ મંત્રી | સરપંચ |
| કુડાસણ ગ્રામ પંચાયત | કુડાસણ ગ્રામ પંચાયત |
| તા.જી. ગાંધીનગર | તા.જી. ગાંધીનગર |

પરિવારના અન્ય સભ્યો માટેના

**પાસ માટે સંપર્ક કરો**

079-23241121

આર્ટ લવર્સ રજૂ કરે છે

દુનિયા થઈ ગઈ દંગ ગુજ્જુભાઈ બન્યા દબંગ



નાટકોના સુપરસ્ટાર સિધ્ધાર્થ રાંદેરિયાનું સુપરહીટ નાટક

નિમંત્રક

હૃષિકેશ ભટ્ટ, પ્રમુખ

મહેન્દ્ર પ્રજાપતિ, મંત્રી

નિલય દેસાઈ, ખજાનચી

18, 19, 20 ડિસેમ્બર, 2014 । રાત્રે 9.30 । ટાઉન હૉલ, ગાંધીનગર

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com